**કોર્ટ ઈન્કવાયરી નં. ૩૫/૨૦૨૨**

**–: <u>આંક–૧ નીચે હુકમ</u> :–**

(૧)... સાંભળ્યા, હાલની અરજી રજુ રાખવામાં આવેલ રેકર્ડ સાથે વંચાણે લેવામાં આવી. આ કામનાં ફરીયાદી તરફે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ ની જોગવાઈઓ મુજબની દાખલ કરેલ. હાલની ફરિયાદ ફરિયાદીનું સોગંદનામુ તથા રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ સાથે વંચાણે લેવામાં આવી.

(૨)... નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલત તરફે ઈન્ડિયન બેંક એસોસિએશન વિરુઘ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા ૨૦૧૪ (૫) એસ.સી.સી. પાના નં. ૫૯૦ ના ચુકાદાના કામે ઠરાવવામાં આવેલ માર્ગદર્શક સિઘ્ધાંતો મુજબ જયારે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબનો ગુનો બન્યો હોય અને તેની લેખિત ફરિયાદ ફરિયાદી તરફે દાખલ કરવામાં આવી ત્યારે ફરિયાદીએ ફરિયાદ સાથે અસલ દસ્તાવેજો તેમજ સરતપાસનું સોગંદનામું રજુ રાખવાનું રહે અને અદાલતને જો પ્રથમ દર્શનીય રીતે ગુનો બનતો હોવાનું માનવાને કારણ જણાય આવે તો આવા ગુનાનું સંજ્ઞાન એટલે કે કોગ્નીઝન્સ લઈ તહોમતદાર વિરુઘ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કરી શકાશે. નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલત તરફે સ્યુઓમોટો રીટ પીટીશન ૨/૨૦૨૦ ના કામે એ.આઈ.આર. ૨૦૨૧ સુ.કો. પાના નં. ૧૯૫૭ ના કામે એવું ઠરાવવામાં આવેલ છે કે, જયારે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ –૧૩૮ મુજબનો ગુનો બનેલ હોવાની ફરિયાદ ફરિયાદી તરફે દાખલ કરવામાં આવે ત્યારે જો આરોપી અદાલતની સ્થાનિક હકુમતની બહાર રહેતો હોય તો આવા કિસ્સામાં તહોમતદાર વિરુઘ્ધ પ્રોસેસ કરતા પહેલા અદાલતે ઈન્કવાયરી કરવી જરૂરી છે અને આવી ઈન્કવાયરી કરી પ્રથમ દર્શનીય રીતે જો ગુનો બનતો હોય તો તહોમતદાર વિરુઘ્ધ પ્રોસેસ કરવાના રહે.

(૩)...  દસ્તાવેજી પુરાવાઓ તથા ફરીયાદીનું સોગંદનામુ સાથે વંચાણમાં લેવામાં આવે તો એવું ફલિત થઈ રહેલ છે કે આ કામના તહોમતદાર અદાલતની સ્થાનિક હકુમતની બહાર રહે છે. આ કામના ફરિયાદી તરફે રજુ રાખવામાં આવેલ ફરિયાદની સાથે અસલ દસ્તાવેજો રજુ રાખવામાં આવેલ છે તેમજ આ કામના ફરિયાદીનું નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ –૧૪૫ ની જોગવાઈઓ મુજબનું સોગંદનામું પણ રજુ રાખવામાં આવેલ છે. આ કામના આરોપીને ફરિયાદી તરફથી નોટીસ આપવામાં આવેલ હોય તેની ઓફીસ કોપી તેમજ નોટીસને રજી.એડી.થી મોકલેલ કવર સંબંધે થયેલ કાર્યવાહીને સમર્થન કરતા દસ્તાવેજી પુરાવા પણ રજુ રાખવામાં આવેલ છે.

(૪)...  આ કામે ફરિયાદ પક્ષ તરફે રજુ રાખવામાં આવેલ ફરિયાદ તથા તેના સમર્થનમાં રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ સંબંધે ઈન્કવાયરી કરતા પ્રથમ દર્શનીય રીતે એવું જણાય આવે છે કે આ કામના તહોમતદાર વિરુધ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ –૧૩૮ મુજબનો ગુનો બનતો હોય તેવું પ્રાથમિક દૃષ્ટિએ ફલિત થઈ રહેલ છે. આ કામના તહોમતદારને કાયદાની જોગવાઈઓ મુજબ નોટીસ આપવામાં આવેલ છે. નોટીસ આપ્યા બાદ પણ તહોમતદાર તરફે રકમનું ચુકવણુ કરવામાં આવેલ હોય તેવુ ફલિત થતું નથી. આ કામના ફરિયાદ પક્ષ તરફે તહોમતદારે આપેલ ચેક ફરીયાદી તરફે નિભાવવામાં આવેલ બેંકના ખાતામાં સમય મર્યાદામાં રજુ રાખવામાં આવેલ છે જે નાણા ચુકવ્યા વગર પરત ફરેલ છે અને કાયદાની નિયત સમયમર્યાદામાં તહોમતદારને નોટીસ આપવામાં આવેલ છે તે ધ્યાને લેતા આ કામના તહોમતદાર વિરુધ્ધ પ્રથમ દર્શનીય રીતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના તત્વો સાબિત થતા હોવાનું જણાય આવે છે. આ કામના તહોમતદાર અદાલતની સ્થાનિક હકુમતની બહાર રહેલા હોય

પરંતુ ગુનો આ અદાલતની હકુમતમાં બનેલ હોવાનું ફલિત થતું હોય નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની જોગવાઈઓ મુજબ હાલની આ ફરિયાદ દાખલ કરવા પાત્ર હોય તેવું માનવાને કારણ જણાય આવે છે. ઉપરોકત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થતિ ધ્યાને લેતા ફરીયાદ પક્ષની ફરિયાદમાં, કેસમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના તત્વોનો સમાવેશ થતો હોય હાલની કોર્ટ ઈન્વાયરી પુરી કરી આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવા જેટલો પુરાવો જણાઈ આવતો હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**♦ હુ ક મ ♦**

(૧)... આ કામનાં ફરિયાદીની ફરિયાદ ધોરણસર રજીસ્ટરે નોંધી આ કામના તહોમતદાર– **ચાવડા શૈલેષભાઈ રાવજીભાઈ** વિરુઘ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ –૧૩૮ મુજબના પ્રોસેસ કરવા.

(૨).... ફરિયાદ પક્ષે જરૂરી નકલો રજુ રાખ્યેથી આ કામના તહોમદાર– **ચાવડા શૈલેષભાઈ રાવજીભાઈ** ને મુદત તા.___/___/૨૦૨૨ ના રોજ પ્રોસેસ કરવા.

હુકમ આજરોજ તારીખ ૦૭ મી માહે જુલાઈ સને ૨૦૨૨ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૦૭–૦૭–૨૦૨૨
સ્થળ : વસો.

**(અબદુલ્લાહ નુરૂલ્લાહ શેખ)**
(CODE No. GJ 00616 )
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વસો.